ગાંધીનગર સમાચાર

જમ્મુ કાશ્મીરમાં ભારે વરસાદ : હાઈએલર્ટ જાહેર

જમ્મુ,તા. ૨૫

જમ્મુ કાશ્મીરમાં પણ ભારે વરસાદના કારણે લોકોની હાલત કફોડી બની ગઈ છે. પુર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. ગયા વર્ષના વિનાશકારી પુરની દહેશત ફરી એકવાર જોવા મળી રહી છે. ગયા વર્ષે પુરના કારણે અભૂતપૂર્વ નુકસાન થયું હતું. ગયા સપ્ટેમ્બર

મહિનામાં પણ ભારે તારાજી સર્જનાર ઝેલમનદીમાં પાણીની સપાટી ફરી એકવાર ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે જેથી અનંતનાગ અને પુલવામા જિલ્લામાં હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. મોટી સંખ્યામાં લોકોને ભારે વરસાદના કારણે માઠી અસર થઈ છે. જમ્મુ કાશ્મીરમાં હવે પુરની ચેતવણી જારી કરવામા આવી છે. છેલ્લા કેટલાક દિવસથી પડી રહેલા ભારે વરસાદના કારણે હવે પુરની ચેતવણી જારી કરવામાં આવી છે. અનંતનાગ, પુલવામાં જિલ્લામાં પુરની ચેતવણી જારી કરવામાં આવી છે. દક્ષિણ કાશ્મીરના સંગમ ખાતે વહેલી પરોઢે ત્રણ વાગે પાણીની સપાટી ૨૬.૮૦ ફુટ રહી હતી. જે ભયજનક સ્તરથી ઉપર છે. બીજી બાજુ શ્રીનગર શહેરમાં રામમુન્શી બાગ ખાતે પણ પાણીની સપાટી ૧૯.૮૦ સુધી પહોંચી ગઈ છે. જે પણ ભયજનક સપાટીથી ઉપર છે. જમ્મુ શ્રીનગર હાઈવેને બંધ કરવાની ફરજ પડી છે. કારણ કે ભારે વરસાદ થઈ રહ્યો છે. વાર્ષિક અમરનાથ યાત્રા આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે પુરની સ્થિતીના કારણે અડચણો ઉભી થઈ શકે છે. બીજી બાજુ

વહીવટીતંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. અસરગ્રસ્ત લોકોને તમામ સહાયતા આપવામાં આવી રહી છે. ઝેલમ નદીમાં પાણીની સપાટી પર તંત્રની બાજ નજર છે. કાશ્મીરમાં ભારે વરસાદના કારણે વારંવાર પુરની સ્થિતી સર્જાઈ જાય છે. જેના કારણે લોકો હમેંશા પરેશાન રહે છે. એકબાજુ હાલમાં ગુજરાતમાં અને મુંબઈમાં ભારે વરસાદ થઈ રહ્યો છે ત્યારે જમ્મુ કાશ્મીરમાં પણ ભારે વરસાદ જારી રહેતા હવે પુરની ચેતવણી જારી કરવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવી ચુક્યા છે. ભારે વરસાદના કારણે તંત્રની તકલીફ હજુ ઓછી થાય તેવી શકયતા નથી. હવામાન વિભાગ દ્વારા હાલમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામા આવેલી છે.

રાજસ્થાન, હિમાચલ, યુપી, પંજાબ, હરિયાણામાં વરસાદ

નવીદિલ્હી, તા. ૨૫

એક બાજુ ગુજરાત અને જમ્મુ કાશ્મીરમાં પુર જેવી સ્થિતિ સર્જાયેલી છે ત્યારે બીજી બાજુ દેશના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. કર્ણાટક, હિમચાલ પ્રદેશ, રાજસ્થાન, પૂર્વીય ઉત્તર પ્રદેશ, પંજાબ અને હરિયાણા, મહારાષ્ટ્રમાં ભારે વરસાદ થયો છે જેથી ઘણી જગ્યાએ જનજીવન ઉપર અસર થઈ છે. બેંગ્લોરથી પ્રાપ્ત અહેવાલ મુજબ દક્ષિણ અને આંતરિક કર્ણાટકમાં દક્ષિણ પશ્ચિમ મોનસુન સક્રિય થઈ ચુક્યું છે. વરસાદ અને ગાજવીજ સાથે ઝાપટા પડી રહ્યા છે. બીજી બાજુ દક્ષિણ પશ્ચિમ મોનસુનના પરિણામ સ્વરુપે હિમાચલ પ્રદેસમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. આ રાજ્યમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. જયપુરથી પ્રાપ્ત અહેવાલ મુજબ પ્રિ-મોનસુનના દબાણ હેઠળ રાજસ્થાનના વિવિધ ભાગોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગના કહેવા મુજબ સમગ્ર રાજસ્થાનને મોનસુન હવે આવરી લેવાની તૈયારીમાં છે. હવામાન વિભાગના કહેવા મુજબ દક્ષિણ પશ્ચિમ મોનસુન પૂર્વીય રાજસ્થાનના

વિવિધ ભાગોમાં પહોંચી ચુક્યું છે. જેથી જયપુર, શ્રીગંગાનગર, અજમેર અને ઉદયપુર જિલ્લામાં ભારે વરસાદ થઈ રહ્યો છે. લખનૌથી પ્રાપ્ત અહેવાલ મુજબ પૂર્વીય ઉત્તરપ્રદેશમાં પણ ભારે વરસાદ જારી છે. મોનસુન આગામી બે દિવસમાં સમગ્ર રાજ્યને આવરી લે તેવી શક્યતા છે. છેલ્લા ૨૪ કલાકમાં ઉત્તરપ્રદેશના વિવિધ ભાગોમાં ભારે વરસાદ થયો છે. હવામાન વિભાગના ડિરેક્ટર જેપી ગુપ્તાનું કહેવું છે કે, મોનસુન રાજ્યના પૂર્વીય ભાગમાં પ્રવેશી ચુક્યું છે. આગામી થોડાક દિવસમાં સમગ્ર રાજ્યને આવરી લેશે. મહારાષ્ટ્રમાં મોનસુનની શરૂઆત થઈ ચુકી છે. પંજાબ અને હરિયાણામાં પણ વરસાદી ઝાપટા પડ્યા છે. બીજી બાજુ આસામમાં પુરની સ્થિતિમાં ઉલ્લેખનીય સુધારો થયો છે. જો કે, ૨૨ હજાર લોકો હજુ પણ રાજ્યના ૨૫ ગામોમાં પુરના પાણીના કારણે પરેશાન થયેલા છે. આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ કહ્યું છે કે, ૨૯ ગામોમાં ૨૧૭૦૦ લોકો હજુ અસરગ્રસ્ત છે જેમાં બારપેટા, ધેમાજી, મોરીગાંવ, લખીમપુર અને ચિરાંગ જિલ્લાનો સમાવેશ થાય છે.

વસુંધરા રાજેના રાજીનામાની ઉગ્ર માંગ

નવી દિલ્હી, તા.૨૫

ભ્રષ્ટાચારના આરોપોમાં ઘેરાયેલા આઈપીએલના પૂર્વ કમિશનર લલિત મોદીના સમર્થમાં રાજસ્થાનના તત્કાલીન વિરોધપક્ષના નેતા (તથા હાલના મુખ્યપ્રધાન)ની સહીવાળો કાગળ કોંગ્રેસે બુધવારે બહાર પાડયો છે. કોંગ્રેસના કહેવા પ્રમાણે બ્રિટનની સરકારને લલિત મોદીની ઈમિગ્રેશનની અરજીના સમર્થનમાં વસુંધરા રાજેએ આ કાગળ મોકલ્યો હતો તેમણે જ તેની ઉપર સહી કરી હતી.

વસુંધરા રાજેએ કહ્યું છે કે ૨૦૧૧માં લલિત મોદી ઈમિગ્રેશન અરજીના પક્ષમાં આપવામાં આવેલા નિવેદન પર તેમના જ હસ્તાક્ષર છે. કહેવાય છે કે

ભાજપના વરિષ્ઠ નેતાએ વસુંધરા પાસે આ મુદ્દે સ્પષ્ટતા માગી છે. જવાબમાં વસુંધરાએ પોતાની સહી હોવાની કબુલાત કરી છે.

જયરામ રમેશે ભાજપના અધ્યક્ષ અમિત શાહનું નિવેદન યાદ કરાવ્યું હતું જેમાં તેમણે કહ્યું હતું કે કાયદેસરના દસ્તાવેજો મળશે તો કાર્યવાહી થશે. હવે રાજસ્થાનના વર્તમાન મુખ્યપ્રધાનની સંડોવણીના દસ્તાવેજી પુરાવા મળ્યા ત્યારે શાહે હવે વસુંધરાનું રાજીનામું લઈ લેવું જોઈએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મૌન પર તેમણે સવાલ ઉઠાવ્યા હતા. કોંગ્રેસ પ્રવકતા શોભા ઓઝાએ ગુરુવારે સવારે પત્રકાર પરિષદ સંબોધતા કહ્યું હતું કે ભાજપની કથણી અને કરણીમાં ફરક છે. દેશના આર્થિક ગુનેગારો અને ભાગેડુઓને મદદ કરે છે. કોંગ્રેસના નેતા સચિવ પાયલોટના કહેવા પ્રમાણે હવે એ જોવું રહ્યું કે ભાજપ કયાં સુધી તેના પ્રધાનોને છાવરે છે અને બદનામી વહોરે છે.

છઠ્ઠી વિમ્બલ્ડન ટ્રોફી ઉપર સેરેનાની નજર

લંડન,તા. ૨૫

ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપ સોમવારથી શરૂ થઈ રહી છે ત્યારે સેરેના વિલિયમ્સ નવો ઈતિહાસ સર્જવા માટે તૈયાર છે. તે છઠ્ઠી વખત વિમ્બલ્ડન ટ્રોફી જીતવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે. તેની પાસે કેટલાક નવા રેકોર્ડ સર્જવાની તક રહેલી છે. તે હાલમાં જ ઓસ્ટ્રેલિયન અને ફ્રેન્ચ ઓપન જીતી ચુકી છે. તેના નામ ઉપર ૨૦ ગ્રાન્ડસ્લેમ રહેલા છે. ઓલ ટાઈમ યાદીમાં તે ત્રીજા ક્રમાંક ઉપર છે.

દેશમાં હવે કોઇપણ વિલંબ વગર રોકાણ કરી શકાય છે

નવીદિલ્હી,તા. ૨૫

નાણામંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, ભારતમાં મૂડીરોકાણ કોઈપણ વિલંબ વગર હવે કરી શકાય છે. ભારતમાં મૂડીરોકાણ માટે જોરદાર રજૂઆત કરતા નાણામંત્રીએ અમેરિકાના રોકાણકારોને પ્રભાવિત કરવાના પ્રયાસો કર્યા હતા. કોઈપણ વિલંબ વગર રોકાણ શરૂ કરવા અમેરિકી રોકાણકારોને તેઓએ અપીલ કરી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, તમામ જટિલ વિવાદોને ઉકેલવામાં આવી રહ્યા છે. તમામ વિવાદો સરકારની સક્રિય વિચારણા હેઠળ છે. અમેરિકી મૂડીરોકાણકારોની એક ટીમ સાથે વાતચીત કરતા નાણામંત્રી જેટલીએ સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા સુધારા પગલાઓની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે, છેલ્લા એક વર્ષમાં જે પગલા લેવાયા છે તેના કારણે વિકાસને પ્રોત્સાહન મળ્યું છે. મૂડીરોકાણકારોના ગ્રુપ સાથે વાતચીતની સાથે જેટલી આજે નવ દિવસની તેમની અમેરિકાની યાત્રાને સમેટી લીધી હતી. સીઆઈઆઈ અને કોટક દ્વારા આયોજિત રાઉન્ડ ટેબલ બેઠકમાં રોકાણકારોને સંબોધતા જેટલીએ કહ્યું હતું કે, આર્થિક પરિબળો ખુબ જ મજબૂત છે અને ભારત વિશ્વમાં રોકાણ કરવા માટે સૌથી આદર્શ સ્થળ તરીકે ઉભરી રહ્યું છે.

તેમણે એણ પણ કહ્યું હતું કે, રાજ્યસભામાં બહુમતિ નહીં હોવા છતાં કોઈપણ મામલામાં વિલંબ થશે નહીં. ભારતની ગ્રોથ સ્ટોરીથી દુનિયાના દેશો વાકેફ થઈ ચુક્યા છે. જેટલી ભારત માટે રવાના થયા હતા. અમેરિકામાં રોકાણ દરમિયાન તેઓએ ન્યુયોર્ક, વોશિંગ્ટન, શાન ફ્રાન્સિસ્કોની મુલાકાત લીધી હતી. અમેરિકામાં ટોચના મૂડીરોકાણકારો સાથે તેઓએ વાત કરી હતી.

અમરનાથ યાત્રાની તૈયારી શરૂ કરાઈ : માર્ગનુ હવાઈ નિરીક્ષણ

જમ્મુ,તા. ૨૫

વાર્ષિક અમરનાથ યાત્રાની તૈયારી હાલમાં યુદ્ધના ધોરણે ચાલી રહી છે. બીજી જુલાઈના દિવસે વાર્ષિક અમરનાથ યાત્રા શરૂ થયા તે પહેલા આજે જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ એનએન વહોરાએ યાત્રી માર્ગનુ હવાઈ નિરીક્ષણ કર્યું હતુ. અમરનાથ ગુફા તરફ દોરી જતા ૪૫ કિલોમીટર લાંબા માર્ગની સ્થિતીની સમીક્ષા કરી હતી. વહોરાએ પહલગામ-પંજતારિણી માર્ગનુ નિરીક્ષણ કર્યુ હતુ. જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે અમરનાથ યાત્રા બીજી જુલાઈના દિવસથી શરૂ થઈ રહી છે. અમરનાથ યાત્રા દરમિયાન કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. અમરનાથ યાત્રાને ટાર્ગેટ બનાવીને હુમલો કરવાની યોજના ત્રાસવાદીઓની હમેંશા રહી છે. જેથી સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. શ્રદ્ધાળુઓની સાથે પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો રહેશે. ગ્રાઉન્ડ સ્તર ઉપર તમામ પ્રકારની સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. યાત્રાના સંબંધમાં કોઈપણ પડકારને પહોંચી વળવા માટે પણ તમામ તૈયારીઓ કરવામાં આવી છે. અમરનાથ યાત્રાને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા તંત્ર સજ્જ છે. હુમલા થઈ શકે છે તેવી ચેતવણી વારંવાર મળ્યા બાદ આ વખતે પણ સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. દક્ષિણ કાશ્મીરના હિમાલયમાં આ વર્ષની વાર્ષિક યાત્રા બીજી જુલાઈના દિવસે શરૂ થશે. કેન્દ્રીય પોલીસ દળની ટુકડી પણ તૈનાત રાખવામાં આવી છે. આ ઉપરાંત સેનાની પણ મદદ લેવામાં આવી રહી છે. તમામ જરૂરી વ્યવસ્થા કોઈપણ હુમલાને નિષ્ફળ બનાવવા કરવામાં આવી રહી છે. આર્મી, બીએસએફ, સીઆરપીએફ અને પોલીસ ટુકડી પણ ગોઠવી દેવામાં આવી છે. લોકોમાં ભારે ઉત્સાહ છે. અમરનાથ ગુફા તરફ જવા માટે બે રસ્તા છે. જે પૈકી એક પહેલગામ અને અન્ય બાલટાલનો છે. આ વર્ષે આશરે બે લાખ શ્રદ્ધાળુઓ દ્વારા નોંધણી કરવામાં આવી ચુકી છે.

લોકશાહીને વધુ મજબૂત કરવાની જરૂર છે : મોદી

નવીદિલ્હી,તા. ૨૫

૨૫મી જૂન ૧૯૭૫ના દિવસે લાદવામાં આવેલી ઈમરજન્સીની ૪૦મી વરસીના દિવસે આ દિવસની યાદ તાજી થઈ હતી. તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ ૧૯૭૫માં ઈમરજન્સી લાદીને ખળભળાટ મચાવી દીધો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ભારતમાં લોકશાહી મુલ્યોને વધુ મજબૂત કરવા બનતા તમામ પ્રયાસ કરવા લોકોને અપીલ કરી હતી. વડાપ્રધાને આજે સવારે ટ્વિટર ઉપર કહ્યું હતું કે, વાઈબ્રન્ટ ઉદાર લોકશાહી પ્રગતિ માટે ચાવીરુપ છે જેથી લોકશાહી વિચારો અને મૂલ્યોને વધુ મજબૂત કરવામાં આવે તે જરૂરી છે. મોદીએ કહ્યું હતું કે, ભારતના ઈતિહાસમાં ૧૯૭૫માં લાદવામાં આવેલી ઈમરજન્સી એક કલમ સમાન છે અને ખુબ જ ખરાબ ગાળો પણ આને ગણવામાં આવે છે. મોદીએ કહ્યું હતું કે, ઈમરજન્સી એ વખતે લાદવામાં આવે છે જ્યારે રાજકીય લીડરશીપ ફ્લોપ થઈ જાય છે. તેમણે ઉમેર્યું હતું કે, ઈમરજન્સીને રોકવા માટે પ્રયાસ કરનાર લોકો ઉપર તેમને ગર્વ છે. તેમના પ્રયાસોના કારણે જ લોકશાહી માળખુ આજે મજબૂત બન્યું છે. ઈમરજન્સીથી ઘણા બોધપાઠ લેવાની જરૂર છે. વડાપ્રધાને મોડેથી શહેરી ભારત માટે શરૂ કરવામાં આવેલી નવી સ્કીમ વેળા પણ આ મુદ્દે વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, કોઈપણ વ્યક્તિ ૨૫-૨૬મી જૂનને ભુલી શકે નહીં. તે વખતે દેશ એક જેલમાં ફેરવાઈ ગયું હતું. ઈમરજન્સીની સાંકળ સાથે દેશ બંધાઈ ગયું હતું. ૪૦ વર્ષ બાદ અમે લોકશાહી વ્યવસ્થા હેઠળ તમામ નાગરિકોને મજબૂત લોકશાહી માટે અપીલ કરી રહ્યા છે.



મધર ટેરેસાના સહયોગી સિસ્ટર નિર્મલા જોષીની અંતિમવિધિમાં મોટી સંખ્યામાં કોલકાતાના નગરજનો ઉમટી પડયા હતાં. સિસ્ટર નિર્મલાના પાર્થિવ દેહને કાચના કેસમાં રાખીને મિશનરીઝ ઓફ ચેરિટીના હેડક્વાર્ટર્સ મધરહાઉસ ખાતે 'હોલી માસ' વિધિ કરાઈ હતી. જેમાં રાજકીય અને ધાર્મિક અગ્રણીઓ ઉમટયા હતાં. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, કોલકાતાના મેયર સોવન ચેટર્જી, તૃણમુલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ'બ્રાયન સહિત નન્સ અને દરેક ઉમરના પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતાં. સિસ્ટર નિર્મલાના પાર્થિવ દેહની સેન્ટ જહોન્સ ચર્ચ ખાતેના સેમેટરી હાઉસ ખાતે દફનવિધિ કરાઈ હતી જયાં તેમણે અંતિમ વર્ષો ધ્યાનમાં ગુજાર્યા હતાં.

ચીન ભારતનો ક્યારેય મિત્ર હોઈ શકે જ નહીં : શિવસેના

મુંબઈ, તા. ૨૫

શિવસેનાએ આજે વર્ષ ૨૦૦૮ના મુંબઈના ભીષણ આતંકવાદી હુમલાના માસ્ટર માઈન્ડ અને લશ્કર-એ-તૈયબાના કમાન્ડર જકી-ઉર-રહમાન લખવીની મુક્તિને લઈને પાકિસ્તાન સામે પગલા લેવાની સંયુક્ત રાષ્ટ્રને અપીલ કરવાની ભારતની હિલચાલને ચીને અટકાવી દીધા બાદ આતંકવાદના મુદ્દા પર ચીનની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, આતંકવાદના મુદ્દે ચીન બેવડું માપદંડ અપનાવી રહ્યું છે. સંયુક્ત રાષ્ટ્ર પ્રતિબંધ સમિતીમાં પાંચ કાયમી અને ૧૦ બિનકાયમી સભ્યો છે. જે પૈકીના અમેરિકા, બ્રિટેન, રશિયા, ફ્રાંસ અને જર્મની સહિતના તમામ દેશોએ ભારતને ટેકો આપ્યો છે. પરંતુ ચીને આનો વિરોધ કર્યો છે. એકબાજુ ચીન તેના દેશમાં આતંકવાદને કચડી મુકવા માટે કોઈ કામ બાકી રાખી રહ્યું નથી. જ્યારે બીજીબાજુ ભારતમાં સક્રિય આતંકવાદીઓને પ્રોત્સાહન આપવાનું કામ કરી રહ્યું છે. એકબાજુ ચીન ખતરનાક રમત ભારત સાથે રમી રહ્યું છે. શિવસેનાએ તેના મુખપત્ર સામનામાં કહ્યું છે કે, ચીન બેવડું વલણ ધરાવે છે. શિવસેનાએ કહ્યું છે કે, ૧૩ મુસ્લિમોને હાલમાં જ આતંકવાદી હુમલામાં સામેલ રહેવા બદલ ફાંસી આપી દેવામાં આવી હતી. અગાઉ પણ દેશમાં સેકડો મુસ્લિમોને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા છે. શિવસેનાએ તંત્રી લેખમાં કહ્યું છે કે, ચીનની વિચારધારા દેશમાંથી આતંકવાદની નાબૂદી છે પરંતુ ભારતમાં આતંકવાદી ગતિવિધિ બંધ ન થાય તેવો હેતુ તેનો રહેલો છે. તેમણે એમ પણ કહ્યું છે કે, ચીને હિન્દીચીની ભાઈભાઈની વાત કરી છે પરંતુ ઘણી વખત વિશ્વાસઘાત પણ કરેલા છે. ચીને ભારત ઉપર લીડ મેળવવા માટે પાકિસ્તાનને બોમ્બ, મિસાઈલ અને પરમાણુ રિએક્ટરો પુરા પાડ્યા છે. તેની સેના સિવાય તમામ પાકિસ્તાની દારુગોળો ચીન દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ચીન ક્યારે પણ ભારતનો મિત્ર હોઈ શકે નહીં તેમ જણાવીને શિવસેનાએ કહ્યું હતું કે, આનાથી વધારે પુરાવાની હવે જરૂર હોઈ શકે નહીં. ભવિષ્યમાં ચીનને લઈને ભારતને સાવધાન રહેવાની જરૂર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચીની લીડરશીપ સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે. લખવીને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા બાદ ભારતે આની સામે જોરદાર વાંધો ઉઠાવ્યો હતો.

સેંસેક્સ ૧૬૬ પોઈન્ટ ઉછળીને ૨૭૮૯૬ની ઊંચી સપાટી ઉપર

મુંબઈ,તા. ૨૫

ગ્રીસમાં પ્રવર્તી રહેલી કટોકટીની કોઈ અસર આજે શેરબજાર ઉપર દેખાઈ ન હતી. કારોબારના અંતે સેંસેક્સ ૧૬૬ પોઈન્ટ ઉછળીને ૨૭૮૯૬ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૩૭ પોઈન્ટ ઉછળીને ૮૩૯૮ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટીમાં પણ ઉલ્લેખનીય તેજી જોવા મળી હતી. છેલ્લા આઠ દિવસથી ચાલી રહેલી તેજી ઉપર ગઈકાલે બ્રેક મુકાઈ ગઈ હતી. બ્રોડર માર્કેટમાં પણ આજે સ્થિતિ સારી રહી હતી. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૬૮ અને ૦.૨૩ ટકા સુધીનો સુધારો જોવા મળ્યો હતો. માર્કેટ બ્રીડ્થ તટસ્થ રહી હતી. ૧૩૨૯ શેરમાં તેજી અને ૧૩૨૦ શેરમાં મંદી રહી હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, શેરબજારમાં ફરી એકવાર તેજી નોંધાતા કારોબારીઓ ખુશ દેખાઈ રહ્યા છે. આજે કારોબાર દરમિયાન ઘણા શેરમાં તેજી રહી હતી જેમાં કેપિટલ ગુડ્ઝ, ફાયનાન્સિયલ અને ઓટો શેરનો સમાવેશ થાય છે. હેલ્થકેરમાં ઉથલપાથલ રહી હતી. હવામાન વિભાગ તરફથી ભારે

વરસાદની આગાહી કરવામાં આવી છે તેની પણ અસર જોવા મળી રહી છે. બુધવારના દિવસે ફોરેન પોર્ટપોલિયો રોકાણકારો દ્વારા ૯૨.૫૭ કરોડના શેર ખરીદી લીધા હતા. ગ્રીસમાં કટોકટીને લઈને ચોક્કસપણે ચિંતા પ્રવર્તી રહી છે. ગ્રીસમાં દેવાની કટોકટીને ટાળી દેવામાં ભારતીય બજારોને સફળતા મળશે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો છે. સેક્ટર અને શેરની વાત કરવામાં આવે તો કેપિટલ ગુડ્ઝ ઈન્ડેક્સમાં બે ટકાથી વધુનો ઉછાળો રહ્યો હતો. બીએસઈ બેંકેક્સ અને ઓટો ઈન્ડેક્સમાં એક-એક ટકાનો ઉછાળો રહ્યો હતો. બજાજ ઓટોના શેરમાં આજે ૪.૫ ટકાનો ઉછાળો રહ્યો હતો. વેદાંતાના શેરમાં બે ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો. એલએન્ડટીના શેરમાં ૩.૫ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ફાયનાન્સિયલ શેરમાં પણ લેવાલી જામી હતી. એસબીઆઈ, એચડીએફસીમાં મજબૂતી જોવા મળી હતી. આ બંનેમાં એક-બે ટકા વચ્ચેનો ઉછાળો રહ્યો હતો. જો કે, આઈસીઆઈસીઆઈ બેંક અને એક્સિસ બેંકમાં ઘટાડો રહ્યો હતો. ટીસીએસના શેરમાં ૦.૬ ટકાનો ઘટાડો અને વિપ્રોમાં બે ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. છેલ્લા આઠ દિવસથી ચાલી રહેલી તેજી ઉપર ગઈકાલે બ્રેક મુકાઈ હતી. કારોબારના અંતે સેંસેક્સ બુધવારે ૭૫ પોઈન્ટ ઘટીને ૨૭૭૩૦ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૧ પોઈન્ટ ઘટીને ૮૩૬૧ની સપાટીએ રહ્યો હતો. ગઈકાલે માર્કેટ બ્રીડ્થ નકારાત્મક રહી હતી. ૧૫૦૨ શેરમાં ગઈકાલે મંદી રહી હતી ત્યારે ૧૨૧૧ શેરમાં તેજી રહી છે. બુધવારના દિવસે કારોબાર દરમિયાન તમામમાં ૦.૫-૧ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો.

દિલ્હીનું બજેટ રજુ : ભ્રષ્ટાચાર મુક્ત રાજ્ય બનાવવા જાહેરાત

નવી દિલ્હી,તા. ૨૫

દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ આજે દિલ્હી વિધાનસભામાં અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં એએપી સરકારનું પ્રથમ બજેટ રજુ કર્યું હતું. દિલ્હી બજેટ-૨૦૧૫ને ભારતના પ્રથમ સ્વરાજ બજેટ તરીકે ગણાવીને સિસોદિયાએ કહ્યું હતું કે, બજેટ રજુ કરતીવેળા તેમને ગર્વ થઈ રહ્યું છે. તેમના બજેટ ભાષણમાં સિસોદિયાએ કહ્યું હતું કે,બજેટ તૈયાર કરતીવેળા દિલ્હીના લોકોની અપેક્ષાઓને ધ્યાનમાં લેવામાં આવી છે. આમ આદમીનું આ બજેટ છે. વર્ષ ૨૦૧૫-૧૬ માટેનું દિલ્હીનું બજેટ ૪૧૧૨૯ કરોડ રૂપિયાનું છે. જેમાં યોજના ફાળવણીનો આંકડો ૧૯ હજાર કરોડ અને બિનયોજનાકીય ફાળવણીનો આંકડો ૨૨૧૨૯ કરોડનો છે. ગયા વર્ષની સરખામણીમાં આમાં ૧૮ ટકાનો વધારો દર્શાવાયો છે. સિસોદિયાએ કહ્યું છે કે, દિલ્હીને વર્લ્ડક્લાસ સ્કિલ સેન્ટર બનાવવાની અમારી યોજના છે. સંપૂર્ણ રાજ્યનો દરજ્જો માત્ર સ્વપ્ન નથી પરંતુ નિયમિત રીતે કેન્દ્ર સમક્ષ આ મુદ્દાને અમે ઉઠાવી રહ્યા છે. દિલ્હીને પ્રથમ ભ્રષ્ટાચારમુક્ત રાજ્ય બનાવવા માટેની દિશામાં પગલા લેવાઈ રહ્યા છે. એએપી સરકારે રાજ્યમાં ભાવ વધારાને કાબુમાં લેવા માટે પ્રયાસો કર્યા છે. સંગ્રહખોરી સામે પગલા લેવાયા છે. વિજળી અને પાણી સબ્સિડી માટે ૧૬૯૦ કરોડ રૂપિયા સુચવવામાં આવ્યા છે. જ્યારે સ્વરાજ ફંડ માટે ૨૫૩ કરોડની રકમ રાખવામાં આવી છે. પ્રથમ તબક્કામાં સ્કુલો અને કોલેજોમાં ૫૦કરોડના ખર્ચ સાથે ફ્રી વાઈફાઈ સુવિધા મુકાશે. ઉપરાંત ઈ-ડીસ્ટ્રીક્ટને અમલી કરાશે. ડીએમ ડિઝીટલ સિગ્નેચર સાથે સર્ટીફિકેટ જારી કરશે. શૈક્ષણિક સુવિધા માટે ૯૮૩૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. અગાઉના બજેટની સરખામણીમાં ૧૦૬ કરોડનો વધારો આમાં કરાયો છે.